# પ્રાંતિજ મોદી સમાજ દ્વારા ફ્રી લેબોરેટરી ચેક અપ કેમ્પ યોજાયો



પ્રાંતિજ તા.૨૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે મોદી સમાજ મંડળ દ્વારા સમાજ ના લોકો માટે ફ્રી લેબોટરી ચેકઅપ કેમ્પ યોજાયો. પ્રાંતિજ ખાતે વસવાટ કરતા કાંઠા જિલ્લા મોદી સમાજ પ્રાંતિજ મોદી સમાજ મંડળ દ્વારા તા.૧૯।૮।૨૦૨૩ ને શનિવાર ના રોજ પ્રાંતિજ નાનીભાગોળ દરજીવાસ ખાતે આવેલ મોદી સમાજ ની વાડી ખાતે ફ્રી લેબોટરી ચેકઅપ કેમ્પ રાખવામા આવ્યો હતો જેમા કેમ્પમા H.B હિમોગ્લોબિન (લોહીની ટકાવારી), R.B.S રેન્ડમ બ્લડ સુગર (ડાયાબિટિસ), બ્લડ ગુપ , HIV, યુરીન આલ્બુમીન સહિત વિવિધ રોગોમાટે ચેકઅપ કેમ્પ યોજાયો હતો જેમા પ્રાંતિજ ખાતે રહેતા મોદી સમાજ ના ૨૫૦ થી પણ વધુ લોકોએ કેમ્પ નો લાભ લીધો હતો સમગ્ર કેમ્પ નુ આયોજન શ્રી કાંઠા જિલ્લા મોદી સમાજ શ્રી પ્રાંતિજ મોદી સમાજ મંડળ દ્વારા સુંદર આયોજન કરવામા આવ્યુ હતુ તો આ પ્રસંગે સમાજ ના પ્રમુખ ભાવેશ કુમાર એન મોદી , ઉપપ્રમુખ નરેશકુમાર કે મોદી , મંત્રી હિતેષ જે.મોદી તથા કેમ્પ ના કન્વીનર વસંત કુમાર જયંતિલાલ મોદી તથા સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

## ગામના નકશા સહિત ગૌચર વગેરેની માહિતી અપલોડ કરાઈ

# તલોદ તાલુકા પંચાયતની અનોખી ડીઝીટલ પહેલ, ૭૨ મહેસૂલી ગામ ડીઝીટલ ક્રાંતિ તરફ પ્રયાણ



### કોઈપણ પ્રકારની સરકારી ગ્રાન્ટ વગર પ્રોજેક્ટ સંપન્ન

તલોદ તાલુકા પંચાયતે આગવી ડીઝીટલ પહેલ કરી છે. તાલુકા વિકાસ અધિકારી મૌલિકભાઈ શર્માએ જણાવ્યું કે આ પ્રોજેક્ટમાં કોઈપણ પ્રકારની સરકારી ગ્રાન્ટનો ઉપયોગ કર્યા વિના ઉપલબ્ધ સુવિધાનો ઉપયોગ કરી પૂરી કરવામાં આવી છે. તેના ઉપરથી જન્મ-મરણ, લગ્ન રજીસ્ટર, ગામના નમૂના નં.૨, ગામતળ, ગૌચર, સર્વે નંબરની વિગતો, ગામનો નક્શો, ગામના નમૂના નંબર-૧૬, બિનખેતી હૂકમ અને પ્લાન, સણદો, તમામ રેકર્ડને ડીઝીટલ બનાવવામાં આવ્યા છે.


બાયડ, તા.૨૦

આઝાદી કા અમૃત મહોત્સવ નિમિત્તે તલોદ તાલુકા પંચાયતનો ઈ-ગ્રામ અભિલેખ લોન્ચિંગ કાર્યક્રમ ગત રોજ યોજાઈ ગયો જેમાં તલોદ તાલુકા પંચાયત દ્વારા તમામ ૭૨ મહેસૂલી ગામોના નકશા, જન્મ-મરણ રજીસ્ટર, લગ્ન રજીસ્ટર, બિનખેતી હૂકમો, ગૌચર સહિતની માહિતી ઉપલબ્ધ થતાં તલોદ તાલુકાએ ડીઝીટલ ક્રાંતિ તરફ પ્રયાણ કર્યું છે. તાલુકા વિકાસ અધિકારીના સંગીન પ્રયાસો હવે રંગ લાવી રહ્યા છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર સારો શિક્ષક હોય તો શાળાના બાળકોનું ભવિષ્ય સુધારવાની સાથે ગામને વિકાસની ઉંચી દીશા સુધી પહોંચાડી શકે છે તે જ રીતે વહીવટીય નિપૂર્ણ અધિકારી હોય તો તાલુકો દરેક ક્ષેત્રે વિકાસ સાધતો હોય છે. તલોદ તાલુકા વિકાસ અધિકારી મૌલિકભાઈ શર્માએ સમગ્ર તાલુકાના ગામોના રેકર્ડ ડીઝીટલાઈઝેશન માટે પ્રયત્નો આરંભ્યા, શરુઆતમાં અનેક મુશ્કેલીઓ અડચણોનો સામનો કર્યો પરંતુ નિરાશ થયા વગર કામગીરી સતત આગળ ધપાવી જેના ફલસ્વરુપે તલોદ તાલુકા પંચાયત દ્વારા સ્વવિવેકથી કરાયેલ ઈ-ગ્રામ અભિલેખ પ્રોજેક્ટ લોન્ચ કરવામાં આવ્યો જેમાં ગ્રામ પંચાયતના સ્થાઈ રેકર્ડને તલાટી કમ મંત્રી અને

વી.સી.ઈ. દ્વારા સ્કેન કરી જિલ્લા પંચાયત, સાબરકાંઠાની વેબસાઈટ ઉપર અપલોડ કરવામાં આવ્યા છે અને તેમાં પ્રોજેક્ટની આવ્યા છે અને તેમાં પ્રોજેક્ટની જરુરીયાત, વેબસાઈટ પર અપલોડ કરેલની વિગત, પ્રોજેક્ટની વિશેષતાઓ અને આ પ્રોજેક્ટના કારણે પ્રજા અને તંત્રને ફાયદો એ થશે કે ગ્રામ પંચાયતનું જુનું સ્થાયી રેકર્ડ સરળતાથી લાંબા સમય સુધી સાચવી શકાશે. ગામના લોકો જિલ્લા પંચાયત સાબરકાંઠાની નિર્ધારીત વેબસાઈટ પરથી પોતાને જરુરી માહિતી મેળવી ડાઉનલોડ કરશી શકશે. માહિતી અધિકાર અધિનિયમ હેઠળની ગ્રામ પંચાયતના પ્રો-એક્ટીવ ડિપ્લોઝર પણ તૈયાર થયા છે. તલોદ તાલુકાના ૭૨ મહેસૂલી ગામો અને ગ્રામ પંચાયતોનું સ્થાયી રેકર્ડ તેમાં ઉપલબ્ધ થયાનું જાણવા મળ્યું છે.

# અંબાજી ભાદરવી મહામેળા દરમ્યાન અલગ અલગ સ્ટોલો માટે જાહેર હરાજી યોજાશે



ડીસા, તા. ૨૦

યાત્રાધામ અંબાજી ખાતે આગામી તા. ૨૩/૯/૨૦૨૩ થી ૨૯/૯/૨૦૨૩ દરમિયાન ભાદરવી પૂનમનો મહામેળો યોજનાર છે. આ મેળા દરમિયાન અંબાજીના જાહેર રોડ ઉપર દુકાનોની હંગામી જાહેર હરાજી થતી હોય છે. જેમાં અલગ અલગ સ્ટોલો લગાવવામાં આવતા હોય છે. જેમાં પ્રસાદ, ફૂડ, જનરલ, સરકારી વિભાગ સહિતના સખી મંડળોના સ્ટોલો માટે જાહેર હરાજી થતી હોય છે. જેથી અંબાજી મહામેળા દરમિયાન લાખોની સંખ્યામાં આવતા માઁઈભક્તોને તમામ સુવિધાઓ કોઈપણ અગવડતા વગર મળતી રહે તે હેતુથી તાલુકા પંચાયત દ્વારા અંબાજીના જાહેર માર્ગો પર દુકાનોની હરાજી કરવામાં આવે છે. અંબાજી ભાદરવી પૂનમ મહામેળો ૨૦૨૩ માં જાહેર માર્ગો પર દુકાનોની હરાજીની તારીખ ૨૪/૮/૨૦૨૩થી લઈને ૨૭/૮/ ૨૦૨૩ સુધી જુની કોલેજ કમ્પાઉન્ડ ખેડબ્રહ્મા રોડ પર સવારે ૧૦:૩૦ થી લઈને સાંજે ૬:૦૦ વાગ્યા સુધી હંગામી દુકાનોની હરાજી રાખવામાં આવી છે. જાહેર માર્ગો પર હરાજીની દુકાનોની તળિયાની કિંમત તથા બાકીની શરતો હરાજી સમયે સ્ટોલ ઉપર જણાવવામાં આવશે. હરાજીમાં દુકાનો રાખવા ઈચ્છતા વ્યક્તિઓ પોતાના નામ સરનામા સાથે ઓળખાણની વિગતો તથા બે ફોટા સાથે હાજર રહેવાનુ રહેશે. હરાજીમાં દુકાન રાખનાર દુકાનવાળી જગ્યા અંગેના ઓળખાણ કાર્ડ માટે બે ફોટા અલગથી સાથે લાવવાના રહેશે. હરાજીથી દુકાન રાખનાર સિવાય અન્ય કોઈ વ્યક્તિ તેનો ઉપયોગ કરી શકશે નહીં. નક્કી થયેલ એજન્સી દ્વારા ટેન્ટનું બાંધકામ કરી આપવામાં આવશે. અંબાજી મહામેળો ૨૦૨૩ પરિપૂર્ણ થયા બાદ તારીખ ૩૦/૯/૨૦૨૩ના રોજ હરાજીમાં આપેલી દુકાન ખાલી કરી પરત આપવાની રહેશે.તેમ દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા જણાવાયું છે.

# પ્રાંતિજ ખાતે પ્રધાનમંત્રી માટે મહિલા મોરચાની બહેનો દ્વારા જાતે રાખડીઓ બનાવી મોકલી





પ્રાંતિજ તા.૨૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે નરેન્દ્રભાઈ મોદી માટે ભાજપ મહિલા મોરચાની બહેનો દ્વારા રંગબેરંગી વિવિધ પ્રકાર ની અવનવી ડિઝાઈન સાથે રાખડી બનાવીને દેશના નરેન્દ્રભાઈ મોદીને મોકલી આપી હતી. રક્ષાબંધન નો પવિત્ર તહેવાર નજીક મા છે ત્યારે બહેન પોતાના ભાઈ ની રક્ષા માટે તેના ભાઈ ની હાથમા રાખડી બાંધતી હોય છે ત્યારે રક્ષાબંધન નો તહેવાર નજીકમાજ આવતો હોય પ્રાંતિજ ભાજપ મહિલા મોરચાની બહેનો દ્વારા ભાખરીયા બજાર વિસ્તાર મા આવેલ હનુમાન મંદિર ખાતે આવેલ હનુમાન હોલ મા ભેગા થઈ ને પોતાના હાથે વિવિધ પ્રકાર ની અવનવી ડિઝાઈન- વેરાયટીઓ સાથે રાખડી બનાવી હતી અને દેશ ના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ને મોકવી આપી હતી તો પ્રાંતિજ ભાજપ મહિલા મોરચાની બહેનો દ્વારા ૧૦૦થી ૧૫૦ જેટલી રાખડીઓ બનાવી હતી અને દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને મોકલી આપી હતી અને ભગવાન તેમને લાબુ આયુષ્ય આપે અને દેશ માટે તથા દેશહિત ના કામો કરે દેશની બહેનો માટે સારા કામ કરે તેવી શુભેચ્છાઓ શુભકામનાઓ પણ પાઠવી હતી તો આ પ્રસંગે પ્રાંતિજ નગરપાલિકા ના પૂર્વ મહિલા પ્રમુખ ગીતાબેન પટેલ , મહિલા મોરચા ના પ્રમુખ જીગજ્ઞાબેન સોની , ઉપપ્રમુખ પદમાબેન રાવલ , ઉપપ્રમુખ રિધ્ધીબેન ભટ્ટ , મંત્રી સોનલબેન દેસાઈ , કલાબેન બારોટ , સહિત પ્રાંતિજ ભાજપ મહિલા મોરચા ની બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી હતી અને દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી માટે રાખડીઓ બનાવી હતી અને મોકલી આપી હતી.

# ડીસા તાલુકા સંઘમાં નવા નીમાયેલા વહીવટદાર અને કમિટી દ્વારા સ્વચ્છ અને પારદર્શક વહીવટ

ડીસા, તા. ૨૦

ડીસાના પૂર્વ ધારાસભ્ય અને હાલ તાલુકા સંઘમાં વહીવટદાર તરીકે જેમને ચાર્જ સોંપવામાં આવેલ છે એવા શશીકાંતભાઈ પંડ્યાએ ડીસા તાલુકા સંઘમાં અગાઉ થયેલા



ભ્રષ્ટાચારને લઈ મીડિયા સમક્ષ ચોકાવનારા ખુલાસા કરી જણાવ્યું કે અગાઉ તાલુકા સંઘમાં ચેરમેન તરીકે જે પણ બિરાજમાન હતા. તેમણે લાખો રૂપિયાનો ભ્રષ્ટાચાર કરેલ હતો. તેમજ લાખણી ખાતે આવેલ તાલુકા સંઘની જગ્યાને માત્ર ઠરાવ પર દર્શાવીને સસ્તા ભાવે તેમના મળતીયાઓને આપી દીધેલ. વધુમાં તાલુકા સંઘના પૂર્વ ચેરમેન દ્વારા તાલુકા સંઘમાં કરોડો રૂપિયાની ગ્રાન્ટોમાં ભ્રષ્ટાચાર કરવામાં આવેલ છે તેમાં ગુજકો કંપનીના ચાર કરોડ રૂપિયાનું દેવું નવીન વહીવટદાર કમિટી દ્વારા ચૂકતે કરવામાં આવ્યું છે ત્યારે તાલુકા સંઘમાં એવા કેટલાય ભ્રષ્ટાચારો છે જેને લઈ પૂર્વ ધારાસભ્યે કોર્ટમાં જવાની પણ ચીમકી ઉચ્ચારી હતી.

વધુમાં તેમણે સ્પષ્ટ જણાવ્યુ હતું કે ગુજરાતની ભાજપ સરકાર ભ્રષ્ટાચારને સહન નહીં કરે અને ભાજપ તરફથી તેમને જે વહીવટદાર તરીકે ચાર્જ સોંપવામાં આવ્યો છે તેમાં તેમની કમિટી દ્વારા ઘણા એવા ભ્રષ્ટાચારો છે કે જેને બહાર લાવવાના પ્રયત્નો કર્યા છે અને પારદર્શક વહીવટ કરી તાલુકા સંઘને નફાના ધોરણે લઈ જવાની કામગીરી કરી છે.કોર્ટની પણ ક્લીનચીટ મળી છે.ત્યારે જિલ્લા રજીસ્ટાર દ્વારા તાલુકા સંઘની ચૂંટણીને લઈને પણ તૈયારીઓ ચાલુ કરવામાં આવી છે.પૂર્વ ધારાસભ્યે ઉમેર્યું હતું કે જિલ્લા રજીસ્ટર દ્વારા તાલુકા સંઘની ચૂંટણી પારદર્શક અને કોઈપણ વ્યક્તિ કે રાજકીય આગેવાનના તાબા હેઠળ ના થવી જોઈએ. જિલ્લા રજીસ્ટારે આ ચૂંટણી લોકતંત્રના નિયમ અનુસાર કરીને ખેડૂતોને ન્યાય આપવાની પ્રક્રિયા હાથ ધરવી જોઈએ ત્યારે હવે જોવાનું રહ્યું કે તાલુકા સંઘમાં લાખો રૂપિયાનો ભ્રષ્ટાચાર કરીને હાલ જામીન ઉપર મુક્ત થયેલા પૂર્વ ચેરમેનના હજુ કેટલા ભ્રષ્ટાચારો બહાર આવે છે અને સરકાર તરફથી શું પગલાં લેવામાં આવે છે એ તો આગામી સમય જ બતાવશે.

# જિલ્લાની ૨૩૭૧ સરકારી પ્રા.શાળાઓના ગુણોત્સવના મૂલ્યાંકનના માળખામાં ફેરફાર

### પ્રા. શિક્ષકોને વધુ સજાગ રહેવું પડશે

બાયડ, તા.૨૦

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરીષદ-ગાંધીનગર દ્વારા પ્રાથમિક શાળાઓના ગુણોત્સવના મૂલ્યાંકનના માળખામાં પરીવર્તન કરવામાં આવ્યું છે અને આ અંગેની માર્ગદર્શિકા પ્રાથમિક શાળાઓના મુખ્ય શિક્ષક, બી.આર.સી. તેમજ સી.આર.સી.ઓને મોકલવા તાકીદ કરી છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ૧૪ તાલુકાની ૨૩૭૧ સરકારી પ્રા. શાળાઓમાં માળખામાં થયેલા ફેરફાર પ્રમાણે મૂલ્યાંકન થવાનું છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર સરકારી પ્રા.શાળાઓમાં શિક્ષણનું સ્તર વધુ ને વધુ સુધારવા માટે તબક્કાવાર ગુણોત્સવ કાર્યક્રમો આયોજીત થયા છે. ગુણોત્સવ ૨.૦ માટે માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે અને તેમાં ગુણોત્સવની મુખ્ય બાબતો, ૧૦૦ ટકા શાળાઓનું બાહ્ય મૂલ્યાંકન, શાળા મૂલ્યાંકન માટે જી.એસ.ક્યુ.એ.સી. દ્વારા અલાયદી વ્યવસ્થા, ટેકનોલોજીનો રીયલ ટાઈમ, મોનિટરીંગ અને સુધારાત્મક પગલાં માટે સઘન ઉપયોગ, અધ્યયન અને અધ્યાપન, અસરકારક વાતાવરણ, શાળાની સરેરાશ હાજરી, સંચાલન, સલામતી, સહશૈક્ષણિક પ્રવૃત્તિઓ, મુખ્ય મંત્રી જ્ઞાન સેતુ મેરીટ સ્કોલરશીપ યોજના અને મુખ્ય મંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ યોજના પરીક્ષામાં ભાગીદારી, સ્કૂલ ઈન્સ્પેકટર્સની આચારસંહિતા સહિતના તમામ માપદંડોને તેમાં આવરી લેવાશે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની જે શાળાઓમાં ગુણોત્સવ દરમ્યાન નબળાઈઓ જણાઈ આવી છે તે દૂર કરવાના પણ પ્રયાસ થશે. ખાસ કરીને એકમ કસોટીઓ ઉપર ખાસ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવી રહ્યાનું જણાઈ રહ્યું છે.

# પોશીનાની સાધુફળા પ્રા.શાળાના આચાર્યએ બાળકીની છેડતી કરતાં ફરિયાદ કરાઈ

બાયડ, તા.૨૦

શિક્ષક આલમ ફરી એકવાર શર્મસાર બન્યો છે. સાબરકાંઠાના પોશીના તાલુકાની સાધુફળા પ્રા.શાળાના આચાર્યએ શાળા છૂટ્યા પછી ધો.૮માં અભ્યાસ કર્યા પછી બાળકીની છેડતી કર્યાની ફરિયાદ પોશીના પોલીસ સ્ટેશને નોંધાતાં સમગ્ર જિલ્લાના શિક્ષણ આલમમાં ખળભળાટ મચ્યો છે. શાળામાં ચોકીદારી કરતા પિતાને ખ્યાલ ન આવ્યો હોત તો સ્વાતંત્ર્ય પર્વની પૂર્વ સંધ્યાએ જ શિક્ષણના ધામમાં અધમ કૃત્ય આચરાયું હોત તેવો આક્રોશ પણ સામે આવ્યો છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર ખેડબ્રહ્મા તાલુકાના ગુણભાંખરી-સાધુફળો પ્રા.શાળાના બાળકોને સાંજે ૫-૦૦ કલાકે શાળામાંથી છોડી મૂકવામાં આવ્યા હતા અને ત્યાં ચોકીદાર તરીકે કામ કરતા ઈસમની દિકરી તેના પિતાને રુમ સાફ કરવા માટે મદદ કરવા શાળામાં આવી હતી. તે દરમ્યાન શાળાના ભોંયતળીયે આવેલા ઓરડામાં સફાઈ કરતી હતી ત્યારે શાળાના આચાર્ય પરીમલ જગજીવનભાઈ ખરાડીએ તેની

### આરોપીની અટકાયત – પી.એસ.આઈ.

ગુણભાંખરી-સાધુફળો પ્રાથમિક શાળાના આચાર્યએ શાળામાં સફાઈ કરવા માટે આવેલી બાળકીની છેડતી કરતાં પોશીના પોલીસે પોક્સો એક્ટ હેઠળ ગુનો નોંધી આરોપી આચાર્ય પરીમલ ખરાડીની અટકાયત કર્યાનું પી.એસ.આઈ., તેજસ જે. દેસાઈએ જણાવ્યું છે. જ્યારે શિક્ષક વિશે પોલીસને પણ ગંભીર ફરિયાદ મળ્યાનું સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે.

છેડતીનો પ્રયાસ કરતાં બાળકીએ હોબાળો મચાવી રડવાનું શરુ કરતાં તેના પિતા આવી ગયા હતા અને તેઓ કંઈપણ પૂછે તે પહેલાં આચાર્ય તેમને પકડીને નજીકના રુમમાં લઈ ગયો હતો અને તું મારી આબરુના કાઢીશ, હું તને રુપિયા ૧૦ હજાર આપું છું તેમ કહી મામલો દબાવવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ પોતાની દિકરીને રડતી જોઈ પૂછપરછ કરતાં તેને જણાવેલ કે સાહેબે મને મારો હાથ પકડીને મને ખેંચીને બાથમાં ભરી શારીરિક અડપલાં કરતાં મેં બુમાબુમ કરી મૂકતાં મને છોડી દીધી છે. શૈક્ષણિક સંકુલમાં આચાર્ય દ્વારા બાળકીનો છેડતીનો પ્રયાસ થયાની વિગતો બહાર આવતાં સમગ્ર પંથકમાં રોષ વ્યાપ્યો છે. બનાવ અંગે પોશીના પી.એસ.આઈ.એ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# અરવલ્લી: શાકભાજીની આડમાં નશાના વાવેતર કરનારને દબોચતી SOG

### ઇસરી નજીક ખેતરમાંથી ૧.૦૭ લાખના ગાંજાના ૪૧ છોડ ઝડપ્યા

મોડાસા, તા. ૨૦

ગુજરાતમાં ખેતીની આડમાં ગાંજાનું વાવેતર મોટા પ્રમાણમાં થઈ રહ્યું છે પોલીસ મોટા પ્રમાણમાં ગાંજાની ખેતી પકડી પાડી નશાનું વાવેતર કરનાર આરોપીઓને ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી રહી છે ગાંજાના છોડમાંથી ગાંજો, ચરસ અને ભાંગ બનતી હોવાથી ગેરકાયદેસર ખેતી કરી કેટલાક લાલચુ ખેડૂતો લાખ્ખો રૂપિયા કમાવવા જતા જેલના સળિયા પાછળ ધકેલાઈ રહ્યા છે. અરવલ્લી SP શૈફાલી બારવાલના માર્ગદર્શન હેઠળ જીલ્લા પોલીસતંત્ર સતત નશાના કારોબાર કરનાર અસામાજીક તત્વો સામે ગાળીયો કસ્યો છે જીલ્લામાં એસઓજી પોલીસે નશાની ખેતી ઝડપી પાડી હતી જીલ્લામાં ગાંજાનું વ્યસન પણ મોટા પ્રમાણમાં થઈ રહ્યું છે શહેરી વિસ્તારમાં યુવાનો ગાંજાની લતે ચઢી બરબાદીની ગર્તામાં ધકેલાઈ રહ્યા છે જીલ્લામાં ગાંજાના બંધાણીઓ ખેતરમાં કે ઘરની આજુબાજુ એકાદ બે છોડ વાવી નશાને સંતોષતા હોય છે ત્યારે એસઓજી પોલીસે મેઘરજ તાલુકાના ઈસરી પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ મોટી મોરી (વાવમેલાણા) ગામેથી ભીંડા અને મરચાની ખેતીની આડમાં ખેતરમાં ગાંજાના વાવેતરનો પર્દાફાશ કરી ૪૧ મોટા તાજા લીલા છોડ સાથે ૧.૦૭ લાખનો મુદ્દામાલ જપ્ત કરી વિક્રમ નેમા ક્લાસવાને ઝડપી પાડી એનડીપીએસ એક્ટ મુજબ ગુન્હો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. અરવલ્લી એસઓજીની ટીમ ઈસરી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ હાથધરતા મોટી મોરી (વાવમેલાણા) ગામે વિક્રમ નમા કલાસવાએ તેના ખેતરમાં શાકભાજીની ખેતીની આડમાં ગેરકાયદેસર ગાંજાની ખેતી કરી રહ્યો હોવાની બાતમી મળતા એસઓજી પોલીસે એફએસલ અધિકારી,પંચો સાથે રાખી રેડ કરી કપાસના ખેતરમાં શોધખોળ હાથધરતા ભીંડા અને મરચીના વાવેતર વચ્ચે થોડા થોડા અંતરે ગેરકાયદેસર ઉછેરેલ ૧૦ કિલો ૭૦૦ ગ્રામ વજનના ૪૧છોડ મળી આવતા એસઓજી પોલીસે ૪૧ છોડ કીં.રૂ.૧૦૭૦૦૦/- નો જથ્થો જપ્ત કરી નશાની ખેતી કરનાર વિક્રમ નમા ક્લાસવાની ધરપકડ કરી કરી એનડીપીએસ એક્ટ મુજબ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

# પ્રાંતિજના મોરવાડની સગીરાને ભગાડી જતા માતા દ્વારા પોલીસ ફરિયાદ કરી

### પ્રાંતિજ પોલીસ સ્ટેશનમા મોયદના ઈસમ સામે પોલીસ ફરિયાદ કરી : પ્રાંતિજ પોલીસે અપહરણનો ગુનો નોંધી આગળની તપાસ હાથધરી

પ્રાંતિજ તા.૨૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના મોયદ ગામનો ઈસમ સગીરાને ભગાડી જતા સગીરાના માતા દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમા મોયદ ના ઈસમ વિરૂધ્ધ પોલીસ ફરીયાદ કરી

પ્રાંતિજ તાલુકાના મોરવાડ ગામની સગીરાને મોયદ ગામનો ઈસમ પ્રદિપસિંહ કાળુસિંહ રાઠોડ કે મારી દીકરી ઉ.વર્ષ-૧૭ માસ ૪ દિવસ ૨૮ ની સગીર વયની હોવાનુ જાણતો હોવાછતાંય લલચાવી ફોસલાવી કાયદેસરના વાલીપણા માંથી અપહરણ કરી ભગાડી લઈ જતા સગીરા ની માતા દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા મોયદ ના પ્રદિપસિંહ કાળુસિંહ રાઠોડ રહે મોયદનાથાજી વાસ , નાનોવાસ ગામ મોયદ તા. પ્રાંતિજ જિ.સાબરકાંઠા વિરૂધ્ધ પોલીસ ફરીયાદ કરતા પ્રાંતિજ પોલીસ દ્વારા આઈપીસીકલમ ૩૬૩ મુજબ ગુનોનોંધી આગળની તપાસ હાથ ધરવામા આવી છે.

# સોનાસણ ખાતે ઠપકો કરવા ગયેલ ઈસમને મારમારી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી

### પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ત્રણ વિરૂધ્ધ પોલીસ ફરિયાદ થઈ : પ્રાંતિજ પોલીસે ગુનોનોંધી આગળની તપાસ હાથ ધરી હતી

પ્રાંતિજ તા.૨૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના સોનાસણ ખાતે ઠપકો કરવા ગયેલ ઈસમ ને મારમારી મા-બહેન સામી ગાળો-બોલી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપતા પ્રાંતિજ પોલીસ સ્ટેશન ખાતે ત્રણ વિરૂધ્ધ પોલીસ ફરિયાદ થઈ. પ્રાંતિજ ના સોનાસણ ખાતે રહેતા નિલયકુમાર વિનોદચંન્દ્ર કે જેવોના પિતા વિનોદચંન્દ્ર ખેતર તરફ જવાના રસ્તા ઉપર કેનાલ પાસે રહેલ ઘાસ કાપી સફાઈ કરતા હોય તે સમયે સોનાસણ ગામનાજ મુકેશજી બાબુજી પરમાર આવીને કહેવા લાગેલ કે અહી કેમ ઘાસ કાપો છો અને ગાળો-બોલી હાથમા રહેલ લાકડી વિનોદચંન્દ્ર ને ડાબા હાથમા મારી દીધેલ અને ત્યારબાદ નિલય કુમાર નોકરી થી ઘરે આવતા પિતાના હાથમા સોજો હોય તે બાબતે પુછતા મુકેશજી બાબુજી પરમાર એ લાકડી મારેલ હોય તે બાબતે નિલય કુમાર તેના કાકા નો દિકરા સાથે આ બાબતે ઠપકો આપવાજતા મુકેશજી બાબુજી પરમાર કહ્યુ કે મને પુછયા વગર કેમ ઘાસ કાપ્યુ અને બોલાચાલી થઈ હતી અને વધુ ઝગડો ના થાય તે માટે નિલય કુમાર ત્યાંથી નિકળી ગયો હતો અને ત્યારબાદ રાત્રીના સમયે નિલય કુમાર ગામમા ગયેલ અને રાત્રે ઘરે પરત આવતા હતા તે સમયે મુકેશજી બાબુજી પરમાર તથા અન્ય બે ઈસમો જેવો લાકડીઓ લઈ આવી મુકેશજીએ નિલય કુમાર ને કર્યુ કે તુમને કેમ ઠપકો આપવા આવેલ તેમ કહી મા-બહેન સામી ગાળો બોલી ત્રણેય જણા શરીરે ગડદાપાટુ નો માર મારવા લાગેલ અને મુકેશજીએ તેના હાથમાની લાકડી માથાના ભાગે મારી દેતા લોહી નિકળતા નિલયકુમારે બુમાબુમ કરતા કાકાનો દિકરો પ્રજ્ઞેશકુમાર સુથાર આવી ગયો હતો અને વધુ મારથી છોડાવેલ ત્યારે ત્રણેય જણા જતા જતા કહેતા હતા કે આજે તો તુ બચી ગયો છે પરતુ હવે પછી તુ કે તારા પિતા મળશે તો જાનથી મારી નાખીશુ તેવુ કહી જતા રહ્યા હતા તો માથાના ભાગે ઈજાઓ પહોચતા નિલયકુમાર ને ૧૦૮ મારફતે પ્રાંતિજ સિવિલ ખાતે સારવાર અર્થે પ્રાંતિજ સિવિલ ખાતે લઈ જવામા આવ્યા હતા અને વધુ સારવાર અર્થે હિંમતનગર ખાતે ખસેડવામા આવ્યા હતા અને સારવાર બાદ નિલયકુમાર વિનોદચંન્દ્ર સુથાર દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા મુકેશજી બાબુજી પરમાર રહે સોનાસણ તા.પ્રાંતિજ જિ.સાબરકાંઠા તથા અન્ય બે ઈસમો વિરૂધ્ધ પોલીસ ફરીયાદ કરતા પ્રાંતિજ પોલીસે આઈપીસીકલમ ૩૨૩, ૩૨૪, ૫૦૪, ૫૦૬(૨),૧૧૪ તથા જીપીએ ૧૩૫ મુજબ ગુનોનોંધી આગળ ની તપાસ હાથ ધરી હતી.